જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર (P.R.O.)
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૧૦/૦૩/૨૦૨૧ બુધવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :- સમાચાર યાદી નં.૪૪૪/૨૦૨૧

Covid-19 સંક્રમણ નિયંત્રણ અન્વયે લેવામાં આવેલ કાયદાકીય કાર્યવાહી અંગેની તા.૦૯/૦૩/૨૦૨૧ કલાક ૦૦/૦૦ થી કલાક ૨૪/૦૦ સુધીની માહીતી નીચે મુજબ છે.

પત્રક-૧

લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત

અ.નં	ગુન્હાનો પ્રકાર	નોધાયેલ FIR ની સંખ્યા			અટક કરેલ આરોપીની સંખ્યા		
		ગઈ કાલ સુધીની સંખ્યા	આજની સંખ્યા	કુલ	ગઈ કાલ સુધીની સંખ્યા	આજની સંખ્યા	કુલ
૧	કલમ ૧૮૮ કલમ ૧૩૫ GP ACT 1951	૧૧૨૯૮	૪	૧૧૩૦૨	૧૭૪૧૮	૪	૧૭૪૨૨
૨	કલમ ૨૬૯,૨૭૦ અને ૨૭૧ IPCઅને The Epidemic Disease Act 2005	૪૭૦૨	૦	૪૭૦૨	૬૨૨૬	૦	૬૨૨૬
3	કલમ ૧૪૩,૧૪૪,૧૪૫ વિગેરે (હંગામો)	૭૦	૦	૭૦	૨૭૮	૦	૨૭૮
૪	Disaster Management Act 2005 હેઠળના ગુન્હાઓ	૨૯૦૬૫	૧	૨૯૦૬૬	૩૦૪૨૨	૧	૩૦૪૨૩
કુલ		૪૫૧૩૫	૫	૪૫૧૪૦	૫૪૩૪૪	૫	૫૪૩૪૯

પત્રક-૨			
લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત			
અ.નં	જીલ્લા/શહેરનુ નામ	કલમ ૨૦૭ MV Act 1988 હેઠળ ડિટેઈન કરેલ વાહનોની સંખ્યા	MV Act 1988 હેઠળના નિયમ ભંગ કરનાર વાહન ચાલકો પાસેથી વસુલવામાં આવેલ દંડની રકમ
૧	અમદાવાદ શહેર	૩૦	૮,૭૬,૬૫૦/-

પત્રક-૩			
જાહેર સ્થળોએ તથા પરિવહન વખતે માસ્ક નહી પહેરવા અંગે તથા જાહેરમાં થુકવા બાબતની વિગત			
અ.નં	જીલ્લા/શહેરનુ નામ	દંડિત થયેલ વ્યક્તિઓની સંખ્યા	વસુલ કરવામાં આવેલ દંડની રકમ
૧	અમદાવાદ શહેર	૫૬૭	૫,૬૭,૦૦૦/-

ખુનના ગુનાના આરોપીની અટકાયતની વિગત

કૃષ્ણનગર પોલીસ સ્ટેશન

રાધનપુર પો.સ્ટે.ના મર્ડરના બે આરોપીઓને પકડી પાડતી કૃષ્ણનગર પોલીસ સ્ટેશનની સર્વેલન્સ ટીમ

મે.પોલીસ કમિશ્નર શ્રી અમદાવાદ શહેર તથા અધિક પોલીસ કમિશ્નર શ્રી સેકટર-૨ તથા નાયબ પોલીસ કમિશ્નર શ્રી ઝોન-૪ તથા મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી " જી " ડિવીઝન નાઓના માર્ગદર્શન હેઠળ તેમજ પો.ઇન્સ એ.જે.ચૌહાણ નાઓની સુચના આધારે સર્વેલન્સ સ્કોર્ડના પો.સબ.ઇન્સ વી.એમ.ગોહિલ તથા સાથેનો સ્ટાફ પોલીસ સ્ટેશન વિસ્તારમાં મિલ્કત સબંધી ગુન્હા શોધવા તથા બનતા ગુન્હા અટકાવવા સારૂ તા.૦૯/૦૩/૨૦૨૧ ના રોજ ક.૧૭/૦૦ થી પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતા દરમ્યાન ફરતા ફરતા ક.૨૦/૪૫ વાગે ઠક્કરનગર આશારામ સોસાયટી ખાતેથી પસાર થતા હતા તે દરમ્યાન લોકરક્ષક લાલાભાઇ દેવાભાઇ તથા લોકરક્ષક સતિષકુમાર જયંતીભાઇ નાઓને સંયુકત બાતમી હકિકત મળેલ કે " બે ઇસમો કે જેમાં એક ઇસમે શરીરે પીળા-તથા મંહેદી કલરનુ ટોપી વાળુ જાકેટ તથા કાળા કલરનુ પેન્ટ પહેરેલ છે તથા કોફી-વાદળી કલરનો ઉભી લાઇનીંગ વાળો શર્ટ પહેરેલ છે તથા તેની સાથેના બીજા ઇસમે શરીરે પીળા-તથા મંહેદી કલરનુ ટોપી વાળુ જાકેટ તથા વાદળી ચોકડી વાળૂ પેન્ટ તથા ફુલડા ની ડિઝાઇન વાળો શફેદ જેવા કલરનો શર્ટ પહેરેલ છે તે બન્ને ઇસમો ઉપર માથામાં વાળ નથી મુંડન કરાવેલ છે જે બન્ને ઇસમો હાલમાં લાભાર્થ સોસાયટી આગળથી નિકળી ઠક્કરનગર કેનાલ થઇ આગળ નિકોલ બાજુ જનાર છે જે બન્ને ઇસમો રાધનપુર પો.સ્ટે પાર્ટ.એ.ગુ.ર.નં-૧૧૨૧૭૦૨૭૨૧૦૨૧૮/૨૦૨૧ ધી.ઇ.પી.કો.કલમ-૩૦૨,૩૦૭,૩૨૬,૩૨૫,૩૨૩,૧૧૪ તથા જી.પી. એકટ કલમ-૧૩૫(૧) મુજબના ગુન્હાના કામે નાસતા ફરતા છે " જે હકિકત આધારે પો.સબ.ઇન્સ વી.એમ.ગોહિલ નાઓએ સ્ટાફના માણસો સાથે પંચોને સાથે રાખી સદરી બન્ને ઇસમોની વોચમાં રહી છુટા છવાયા ગોઠવાય જઇ બન્ને ઇસમોને સદરી જગ્યાએથી પકડી પાડી બન્નેની પૂછપરછ કરતા તા.૦૪/૦૩/૨૦૨૧ ના રોજ ગામ-પાટડી સુરેન્દ્રનગર ખાતે નં-૦૧,ના મામા તથા નં-૦૨,ના મામા સસરા હિરેન ઉર્ફે અપ્પુ જયંતીભાઇ બારોટ નાઓના લગ્ન માં ગયેલ અને જાન લઇને રાધનપુર ગયેલ ત્યા બનેવી બબલુ ઉર્ફે ચન્દ્રેશ સોમાભાઇ બારોટ જે નં-૦૧ ના બનેવી તથા નં-૦૨,ના સાઢુ થતા હોય તેઓની સાથે ગણપતભાઇ પરમાર નાઓ હાજર હોય તેઓને લઇને ચારેય મસાલો ખાવા મંડપ થી થોડે દુર ઓટો રિક્ષા કરી બહાર ગયેલ અને પાંચેક કિલો મિટર દુર જઇ ઓટો રિક્ષા વાળાને ભાડુ આપી જવા દિધેલ અને બબલુ ઉર્ફે ચન્દ્રેશ નાનો ગણપતભાઇ સાથે દારૂ લેવા માટે જવાનુ કહી બન્ને ત્યા જાડી જેવી જગ્યામાં દારૂ લેવા ગયેલ અને ત્યા થોડીવાર બાદ બોલા-ચાલીનો અવાજ આવતા સસદરી બન્ને અરોપીઓ તે જગ્યા ઉપર ગયેલ અને બબલુ અને ગણપતભાઇ ઝઘડતા હોય જેથી બન્ને આરોપીઓએ આ બબલુ ઉર્ફે ચન્દ્રેશ નુ ઉપરાણુ લઇ ત્રણેયે

ભેગા થઇને ગણપતભાઇને લાતો ફેટો તેમજ ગડદાપાટુનો માર મારી માથાના ભાગે તેમજ શરીરના ભાગે માર મારી નાસી ગયેલ અને ત્યારબાદ ગણપતભાઇ નાઓ સારવાર દરમ્યાન મરણ ગયેલ હોય અને આ બન્ને આરોપીઓ આ ગુન્હાના કામે કોઇ ઓળખી ના શકે તે સારૂ માથામાં મુંડન કરાવી નાસતા-ફરતા હતા જેઓને ક.૨૩/૩૦ વાગે સી.આર.પી.સી.કલમ-૪૧(૧)આઇ મુજબ પકડી પાડી આરોપીઓ તથા કાગળો મેળવી લેવા રાધનપુર પો.સ્ટે વર્ધી લખાવી મર્ડરના આરોપીઓને પકડી પાડી સારી કામગીરી કરેલ છે તા.૧૦/૦૩/૨૦૨૧

આરોપીઓનું નામ:-

નં-(૧)પાર્થિવ ઉર્ફે અજય સ/ઓ સુરેશભાઇ ચુનીલાલ જાતે મુડેઠીયા(બારોટ) ઉ.વ.૧૯ ધંધો-અભ્યાસ રહે.ડી-૮૯.લાભાર્થ સોસાયટી ઠક્કરનગર અમદાવાદ શહેર મૂળ વતન ગામ-બાદરગઢ તા.પાલનપુર તથા નં-(૨)ચંડીરાજ સ/ઓ ભીખાભાઇ વિરચંદભાઇ જાતે નાયક ઉ.વ.૨૬(જન્મ તા.૨૧/૦૬/૧૯૯૫) ધંધો-હેર કટીંગ રહે-મ.નં-૧૦૪,રાજકમલ એપાર્ટમેન્ટ વિજય પાર્ક કૃષ્ણનગર અમદાવાદ શહેર મૂળ વતન-ગામ-સંખારી તા.પાટણ જીલ્લો-પાટણ

કામગીરી કરનાર અધિકારી/કર્મચારી

સર્વેલન્સ સ્કોર્ડ પો.સબ.ઇન્સ શ્રી વી.એમ.ગોહિલ તથા એ.એસ.આઇ અશ્વિનકુમાર રામજીભાઇ બ.નં-૧૩૪૭૨ તથા અ.પો.કોન્સ હિરેનકુમાર મધુસુદનભાઇ બ.નં-૧૧૮૦૨ તથા અ.પો.કોન્સ ભરતકુમાર વસંતભાઇ બ.નં-૬૮૧૨ તથા અ.પો.કોન્સ સંજયસિંહ ભરતસિંહ બ.નં-૧૦૧૮૮ તથા અ.પો.કોન્સ હિતેશકુમાર ગોકળભાઇ બ.નં-૯૯૯૪ તથા લોકરક્ષક લાલાભાઇ દેવાભાઇ બ.નં-૪૮૩ તથા લોકરક્ષક સતિષકુમાર જયંતીભાઇ બ.નં-૫૩૧ તથા બીજા સ્ટાફના માણસો



ઘરફોડ ચોરીના ગુનાના આરોપીની અટકાયતની વિગત

ઈસનપુર પોલીસ સ્ટેશન

નારોલ પોલીસ સ્ટેશનનો ઘરફોડ ચોરીનો ગુનો ડિટેક્ટ કરી ચોરીનો મુદામાલ રીકવર કરી ત્રણ આરોપીઓને પકડી પાડતી ઇસનપુર પોલીસ

મે.પોલીસ કમિશ્નર સા.શ્રી અમદાવાદ શહેર તથા મે.અધિક પોલીસ કમિશ્નર શ્રી સેકટર-૨ સાહેબ તથા મે.નાયબ પોલીસ કમિશ્નર ઝોન-૬ સાહેબ તથા મે.મદદનીશ પો.કમિ.શ્રી "જે" ડીવીજન સાહેબ નાઓ તરફથી મિલ્કત સબંધી ગુનાઓ બનતા અટકાવવા તથા વણ શોધાયેલ મિલ્કત સંબંધી ગુનાઓ શોધી કાઢવા અવાર-નવાર સુચનાઓ મળતી હોય જે બાબતે પોલીસ ઇન્સપેક્ટર શ્રી જે.વી.રાણા ઇસનપુર પોલીસ સ્ટેશનનાઓના સિધા માર્ગદર્શન હેઠલ સર્વેલન્સ સ્કોડના પો.સબ.ઇન્સ ડી.જે.લકુમનાઓ સર્વેલન્સ સ્કોડના માણસો સાથે પોલીસ સ્ટેશન વિસ્તારમા પેટ્રોલીંગમા ફરતા હતા દરમ્યાનમા તા.૦૮/૦૩/૨૦૨૧ ના કલાક ૨૨/૦૦ વાગે ઇસનપુર ગોવિંદવાડી ચાર રસ્તા પાસેથી અ.હે.કો કિશનભાઇ ભીખાભાઇ તથા અ.પો.કો દશરથભાઇ પરસોત્તમભાઇનાઓની સયુક્ત બાતમીથી આરોપીઓ (૧) સમીર ઉર્ફે કાણો સ/ઓ ઇબ્રાહીમખાન હસનખાન પઠાણ ઉ.વ ૨૪ રહે,મ.નં ૬ હબીબપાર્ક નુર મસ્જીદ પાસે વટવા ચાર માળીયાની પાસે વટવા અમદાવાદ શહેર તથા (૨) મુસ્તુફા મુમતાજઅલી શેખ ઉ.વ ૩૧ રહે,મ.નં ૪૪ અલ હમજા ડુપ્લેક્ષ અલ્લાનગર પાર્ટ-૨ ની નજીક કેનાલ રોડ ફતેહવાડી સરખેજ અમદાવાદ શહેર તથા (૩) આરીફઅલી સિકંદરઅલી શેખ ઉ.વ ૨૦ રહે મ.નં ૦૫ ખજુરીના ઝાડ પાસે બોમ્બે હોટલ દાણીલીમડા અમદાવાદ શહેરનાઓને ચોરીનો મુદ્દામાલ રોકડા નાણા રૂપિયા ૬૬૯૦/-તથા જુદા-જુદા દરના ચલણી સિક્કા રૂપિયા ૨૪૯૨/-તથા બ્રોન્ઝ મેડલ નંગ-૯ તથા સિલ્વર મેડલ નંગ-૨૬ તથા ગોલ્ડ મેડલ નંગ-૨૬ જે તમામની ઉપર અંગ્રેજીમા ગ્રીન લોન્સ સ્કુલ ઇસનપુર અમદાવાદ લખેલ છે તે તથા મોબાઇલ ફોન નંગ-૪ કિંમત રૂપિયા ૬૭૦૦/- ના મળી કુલ રૂપિયા ૧૮,૯૩૨/- ના મુદ્દામાલ સાથે પકડી પાડી નારોલ પોલીસ સ્ટેશન ગુના નંબર પાર્ટ-એ-૧૧૧૯૧૦૬૫૨૧૦૧૬૬/૨૦૨૧ ઇ.પી.કો કલમ ૪૫૪,૪૫૭, ૩૮૦,૧૧૪ મુજબનો ગુનો શોધી કાઢેલ છે. તા.૦૯/૦૩/૨૦૨૧

ગૌમાસ ગુનાના આરોપીની અટકાયતની વિગત

ઇસનપુર પોલીસ સ્ટેશન

૭૬ કિલો ગૌમાંસ સાથે એક આરોપીને પકડી પાડી ગુનો દાખલ કરી કાયદેસરની કાર્યવાહી કરતી ઇસનપુર પોલીસ

મે.પોલીસ કમિશ્નર સાહેબશ્રી અમદાવાદ શહેર તથા મે.અધિક પોલીસ કમિશ્નર શ્રી સેકટર-૨ સાહેબ તથા મે.નાયબ પોલીસ કમિશ્નર શ્રી ઝોન-૬ સાહેબ તથા મે.મદદનીશ પો.કમિ.શ્રી "જે" ડીવીજન સાહેબનાઓ તરફથી અવાર-નવાર ગેરકાયદેસરની પ્રવુત્તી કરતા ઇસમોને પકડી કાયદેસરની કાર્યવાહી કરવા સુચનાઓ મળતી હોય જેના અનુસંધાનમા સીનીયર પોલીસ ઇન્સપેક્ટર શ્રી જે.વી.રાણા સાહેબ નાઓના સીધા માર્ગદર્શન અને સુચના મુજબ સર્વેલન્સ સ્કોડ પો.સબ.ઇન્સ ડી.જે.લકુમ નાઓ સર્વેલન્સ સ્કોડના માણસોની સાથે ઇસનપુર પોલીસ સ્ટેશન વિસ્તારમા પેટ્રોલીંગમા ફરતા હતા દરમ્યાનમા પો.સબ.ઇન્સ ડી.જે.લકુમ નાઓને મળેલ બાતમી આધારે સર્વેલન્સ સ્કોડના માણસોને સાથે રાખી મિલ્લતનગર મુન્શીનગર અજમત કોમપ્લેક્ષ સામે કે.જી.એન દુકાનની પાસે લોખડના સ્ટેન્ડ ઉપર ગેરકાયદેસર રીતે ગૌમાંસનુ વેચાણ કરતા શફીએહમદ ઉર્ફે ગુડુ બેવડિ મોહમદએહમદ કુરેશી ઉ.વ ૪૫ રહે મ.ન સી/૨૯ પાનવાળી ચાલી ચડોળા પાળ મિલ્લતનગર ઇસનપુર અમદાવાદ શહેરનાને ૭૬ કિલો ગૌમાંસ કિંમત રૂપિયા ૧૧,૪૦૦/-ના મુદ્દામાલ સાથે પકડી પાડી ઇસનપુર પોલીસ સ્ટેશન ગુના નં પાર્ટ-બી-૧૧૧૯૧૦૨૨૨૧૦૪૩૪/૨૦૨૧ પ્રાણી ફરતા નિવારણ અધિનિયમ ૧૯૬૦ ની કલમ ૧૧(એલ) તથા ઇ.પી.કો કલમ ૨૮૩ તથા જી.પી એક્ટ કલમ ૧૦૨,૧૦૫,૧૧૭ તથા પશુ સરક્ષણ અધીનીયમ ૨૦૧૭ ની કલમ ૬(બી),૫,૮ મુજબનો ગુનો દાખલ કરી કાયદેસરની કાર્યવાહી કરવામા આવેલ છે તા ૦૯/૦૩/૨૦૨૧

પ્રોહીના ગુનાના આરોપીની અટકાયતની વિગત

નારોલ પોલીસ સ્ટેશન

ભારતીય બનાવટના વિદેશીદારુની સીલબંધ બોટલ નંગ-૩૧૨ કિ.રૂ.૧,૫૬,૦૦૦/- મત્તાના વિદેશી દારુના જથ્થા સાથે એક આરોપીને પકડી વિદેશી દારુનો ગણનાપાત્ર કેસ શોધી કાઢતી નારોલ પોલીસ

મે.પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર તથા અધિક પોલીસ કમિશ્નરશ્રી સેકટર-૨ અમદાવાદ શહેર તથા નાયબ પોલીસ કમિશ્નરશ્રી ઝોન-૬ અમદાવાદ શહેર તથા મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી " કે " ડીવીજન અમદાવાદ શહેર નાઓ તરફથી પ્રોહીબીશનની પ્રવૃતિ સદંતર નેસ્તનાબુદ કરવા અવારનવાર સુચનાઓ આપેલ હોય તેમજ ડ્રાઈવનુ આયોજન કરેલ હોય જે આધારે પોલીસ ઈન્સપેકટરશ્રી એસ.એ.ગોહિલ સાહેબ નાઓએ નારોલ પોલીસ સ્ટેશન વિસ્તારના પ્રોહી બુટલેગર તથા ચોરીછુપીથી પ્રોહીબીશનની પ્રવૃતિ કરતા ઈસમો ઉપર અવાર નવાર વોચ રાખી રેઈડ કરી પ્રોહીબીશનની પ્રવૃતિ સદંતર બંધ કરાવવા સારુ સર્વેલન્સ સ્કોડના માણસોને સુચના આપેલ હોય જે આધારે આજરોજ સર્વેલન્સ સ્કોડ પો.સ.ઈ.ટી.કે.દેવમુરારી સાહેબ તથા પો.સ.ઈ.એ.જી.બ્રિદ સાહેબ તથા પો.કો.વિજયસિંહ લાખુભા બ.નં.૬૧૭૯ તથા પો.કો.ઈન્દ્રજીતસિંહ પરબતસિંહ બ.નં.૯૯૫૮ તથા પો.કો.ધર્મવિજયરાજસિંહ મેઘરાજસિંહ બ.નં.૫૯૧૮ તથા પો.કો.હરદીપસિંહ વિજયસિંહ બ.નં.૧૧૮૭ નાઓ સાથે પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતા તે દરમ્યાન સાથેના પો.કો.ઈન્દ્રજીતસિંહ પરબતસિંહ બ.નં.૯૯૫૮ તથા પો.કો.ધર્મવિજયરાજસિંહ મેઘરાજસિંહ બ.નં.૫૯૧૮ નાઓને સંયુકત બાતમી હકિકત મળેલ કે " સિરાજુલ હસન અંસારી તથા એઝાજખાન કમાલઅલીખાન પઠાણ નાઓ બંને ભેગા મળી નારોલ ગ્રીનપાર્કની પાસે આવેલ અલમાસપાર્ક મ.નં.૩૧ વાળા મકાનમાં કેટલોક ભારતીય બનાવટના વિદેશીદારુનો જથ્થો લાવી મુકી રાખી ચોરીછુપીથી વેચાણ કરે છે. અને હાલમાં પ્રવૃતિ ચાલુ છે. " જે આધારે પંચો રૂબરૂ તપાસ કરતાં બાતમી હકિકતમાં જણાવેલ આરોપી એઝાજખાન ઉર્ફે લાલાભાઈ કમાલઅલીખાન જાતે પઠાણ ઉ.વ.૪૮ ધંધો.વેપાર રહે.ગ્રીનપાર્ક સોસાયટી રફીકભાઈના મકાનમાં આમેના ડુપ્લેક્ષની પાસે નારોલ અમદાવાદ શહેરના કબ્જાના મકાનમાં રેડ દરમ્યાન ભારતીય બનાવટના વિદેશી દારુની ૭૫૦ મીલીની કાચની સીલબંધ બોટલ નંગ.૩૧૨ કિ.રૂ.૧૫૬૦૦૦/- તથા મોબાઈલ ફોન નંગ.૦૧ કિ.રૂ.૫૦૦/- મળી કુલ્લે કિ.રૂ.૧૫૬૫૦૦/- ની મત્તાનો વિદેશીદારુનો જથ્થો મળી આવતાં વિદેશીદારૂનો જથ્થો લાવી આપનાર નહી પકડાયેલ આરોપી સિરાજુલ હસન અંસારી રહે.મ.નં.૩૧ અલમાસપાર્ક ગ્રીનપાર્કની બાજુમાં નારોલ અમદાવાદ શહેર તથા તપાસમાં મળી આવે તે વિગેરે વિરુધ્ધમાં કાયદેસરની કાર્યવાહી કરી નારોલ પો.સ્ટે. પાર્ટ સી ગુ.ર.નં.૧૧૧૯૧૦૬૫૨૧૦૧૬૯/૨૦૨૧ ધી પ્રોહી એક્ટ કલમ ૬૫(એ)(ઇ), ૬૬(બી), ૧૧૬(બી), ૮૧ મુજબનો ગુનો રજીસ્ટર કરી વિદેશીદારુનો ગણનાપાત્ર કેસ શોધી કાઢી પ્રશંસનીય કામગીરી કરેલ છે.



પાસા અટકાયતની વિગત

શાહીબાગ પોલીસ સ્ટેશન

પ્રોહીબીશન સંબંધી પાસા અટકાયતની ધરપકડ કરતી શાહીબાગ પોલીસ

મે. પોલીસ કમિશ્નર શ્રી, અમદાવાદ શહેર તથા સંયુક્ત પોલીસ કમિશ્નર શ્રી,સેક્ટર-૨,અ'વાદ શહેર તથા નાયબ પોલીસ કમિશ્નર શ્રી,ઝોન-૪, અ'વાદ શહેર સાહેબ તથા મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી,' એફ 'ડીવીઝન, અમદાવાદ શહેરનાઓની સુચના અને માર્ગદર્શન હેઠળ પ્રોહીબીશન સંબંધી ગુનાઓની પ્રવૃતિ સદંતર નેસ્ત નાબુદ કરવા સારૂ ચુસ્તપણે સુચન કરેલ હોય તેમજ આવા બનાવોમા પકડાયેલ આરોપીઓ વિરૂધ્ધ અટકાયતી પગલા લેવા મળેલ સુચના આધારે પો.ઇન્સ શ્રી કે.ડી.જાડેજા સા. નાઓએ પો.સ્ટે.વિસ્તારમાં મિકલત સંબંધી ગુનાઓ કરતો ઈસમ કિશોરસિંહ સ/ઓ લાલસિંહ ગંભીરસિંહ રાઠોડ ઉ.વ.૫૮ રહે:૨/૧૬૦ નવી ભોગીલાલની ચાલી અસારવા શાહીબાગ અમદાવાદ શહેર મુળ વતન ગામ લોદરા તા.માણસા જી:ગાંધીનગર ના વિરુદ્ધ શાહીબાગ પો.સ્ટે ગુ.ર.નં. ૧૧૧૯ ૧૦૩૧૨૦૧૮૫૭/૨૦૨૦ ધી પ્રોહી એક્ટ કલમ ૬૫(ઇ), ૧૧૬(બી), ૮૧, મુજબ તથા શાહીબાગ પો.સ્ટે ગુ.ર.નં. ૧૧૧૯ ૧૦૩૧૨૧૦૨૪૧/૨૦૨૧ ધી પ્રોહી એક્ટ કલમ ૬૫(ઇ), ૧૧૬(બી), ૮૧ મુજબના ગુનાઓ નોધાયેલ હોય અને સદરી આરોપી વિરૂધ્ધ પાસા દરખાસ્ત તૈયાર કરી પોલીસ કમિશ્નરશ્રી ની કચેરી ખાતે મોકલી આપતા પોલીસ કમિશ્નર શ્રી અમદાવાદ શહેર નાઓએ ઉપરોકત આરોપીને પાસા અટકાયતમાં લેવા કરેલ હુકમ ક્રમાંક/પીસીબી/ડીટીએન/પાસા/૨૯૩/૨૦૨૧ તા.૦૯/૦૩/૨૦૨૧ ના આધારે સદરી આરોપીની પાસા અટકાયતના હુકમની તા.૦૯/૦૩/૨૦૨૧ ના કલાક:૨૧/૪૫ વાગે બજવણી કરી સદરી આરોપીને નામદાર કોર્ટના હુકમ આધારે કોરોના ટેસ્ટ કરાવી જરૂરી જાપ્તા સાથે અધિક્ષક શ્રી ખાસ જેલ પાલારા,ભુજ ખાતે મોકલી આપેલ.

આરોપીનુ નામ:-

કિશોરસિંહ સ/ઓ લાલસિંહ ગંભીરસિંહ રાઠોડ ઉ.વ.૫૮ રહે:૨/૧૬૦ નવી ભોગીલાલની ચાલી અસારવા શાહીબાગ અમદાવાદ શહેર મુળ વતન ગામ લોદરા તા.માણસા જી:ગાંધીનગર

કામગીરી કરનાર અધિકારી/કર્મચારી:-

(૧) પો.સ.ઈન્સ એસ. એ. દેસાઈ તથા સર્વલન્સ ટીમના માણસો
(૨) મ.સ.ઇ વિરેન્દ્રસિંહ મકુભા
(૩) અ.લો.૨.નિલમબેન નાથાભાઈ બ.નં.૭૨૪
(૪) અ.પો.કો.કુલદિપસિંહ ધનશ્યામસિંહ
(૫) અ.લો.૨.પરેશકુમાર અણદાભાઇ

જુગારના ગુનાના આરોપીની અટકાયતની વિગત

પીસીબી

એરપોર્ટ પોલીસ સ્ટેશન વિસ્તારમાથી સટ્ટા બેટીંગનો જુગાર રમતા ૧૩ ઈસમોને કુલ્લે ૪૬,૯૩૦/- રુપિયાના મુદામાલ સાથે ઝડપી પાડતી પી.સી.બી.

મે.પોલીસ કમિશ્નર શ્રી સંજય શ્રીવાસ્તવ સાહેબ નાઓએ અમદાવાદ શહેરમા પ્રોહી/જુગારની પ્રવૃતિ અટકાવવા સારુ કાર્યવાહી કરવા સુચના કરેલ જે આધારે પીસીબી પોલીસ ઈન્સપેકટર શ્રી એચ.કે.સોલંકી નાઓના માર્ગદર્શન હેઠળ તા.૯.૩.૨૦૨૧ ના રોજ સ્ટાફના મસઈ જશવંતસિહ બળદેવસિંહÊ અહેકો મનોજભાઇ વિઠ્ઠલભાઇ, અહેકો રાજેન્દ્રસિહ જીવતસિહ, અહેકો ધીરજભાઈ લક્ષ્મણભાઈ, અપોકો પ્રિયવદન જયંતીલાલ તથા અપોકો વિજયસિંહ પૃથ્વીસિંહ તથા અન્ય સ્ટાફના માણસો સાથે શહેર વિસ્તારમા પેટ્રોલીગમાં હતા દરમ્યાન અહેકો ધીરજભાઈ લક્ષ્મણભાઈ તથા અપોકો પ્રિયવદન જયંતીલાલ નાઓને સંયુક્તરીતે મળેલ બાતમી હકીક્ત આધારે સરદારનગર આંબાવાડી સર્કલ નજીક શ્રી કનૈયાલાલ ગુર્જર ઉધ્યાનની સામે રામાપીર મંદિરની બાજુમા એક દુકાનના ઓટલા ઉપર જાહેરમા બોમ્બે વરલી મટકાનો સટ્ટા બેટીંગનો આંક લખી આંક ઉપર આંક ફરકનો જુગાર રમી રમાડતા આરોપી મહેશભાઈ જગદીશભાઈ સોનેજા(સિંધી) રહે.૬૧૭/૪ જવાહર કોલોની સરદારનગર અમદાવાદ શહેર તથા અન્ય ૧૨ ઈસમો મળી કુલ્લે ૧૩ આરોપીઓને રોકડા રુપિયા ૧૫,૯૩૦/ તથા અન્ય જુગારના સાધનો મળી કુલ્લે રુપિયા ૪૬,૯૩૦/ ના મુદામાલ સાથે પકડી પાડી તેઓની વિરુધ્ધમા કાયદેસરની કાર્યવાહી કરી એરપોર્ટ પોસ્ટે ખાતે બી પાર્ટ ગુરન ૧૧૧૯૧૦૪૬૨૧૦૧૬૪/૨૦૨૧ જુગાર ધારા કલમ ૧૨(અ) મુજબ ગુનો રજીસ્ટર કરાવી આગળની કાર્યવાહી હાથ ધરવામા આવેલ છે.

પકડાયેલ આરોપીઓ :

(૧) મહેશભાઇ જગદીશભાઇ સોનેજા (સિંધી) ઉ.વ.૩૦ રહે મ.નં ૬૧૭.૪ જવાહર કોલોની સરદારનગર અમદાવાદ(૨) હિતેંદ્ર ઉર્ફે કાનો ફકીરચંદ પરમાર ઉ.વ ૩૫ રહે ભીલવાસ પાણીની ટાંકી પાસે સરદારનગર અમદાવાદ(૩) સનાભાઇ અમથાભાઇ વાઘેલા ઉ.વ ૫૨ રહે મ.નં ૮૦૮.૨ મછીવાળી લાઇન ભીલવાસ પાણીની ટાંકી પાસે સરદારનગર અમદાવાદ(૪) શ્રીચંદ ગોવીંદરામ બમબાણી (સિંધી) ઉ.વ ૫૭ રહે મ.નં ૪૩૨.એફએફ સમરથનગર સરદારનગર અમદાવાદ(૫) પુરણભાઇ શ્રીમખનલાલ પ્રજાપતી ઉ.વ ૩૦ રહે મ.નં એ.૨૦ રમેશદત્ત કોલોની સરદારનગર અમદાવાદ(૬) ફકીર ભાસ્કરભાઇ સાહુ ઉ.વ ૪૬ રહે મ.નં ૭૮ અક્ષરધામ સોસાયટી કોતરપુર ગામ સરદારનગર અમદાવાદ (૭) હરેશભાઇ સેનકાભાઇ ક્રિશ્ચીયન ઉ.વ ૪૫ રહે ભીલવાસ ભાટ ગામ તા.જી.ગાંધીનગર(૮) દીનેશ ઓમપ્રકાશ જગવાણી (સિંધી) ઉ.વ.૪૮ રહે, મ.નં ૬૧૭.૪ જવાહર કોલોની સરદારનગર અમદાવાદ શહેર (૯) નીલેશ મદનલાલ મુલચંદાની ઉ.વ ૩૨ રહે બી.૦૮

કુબેરદાસની જુની ચાલી સૈજપુર ટાવર પાસે નરોડા અમદાવાદ(૧૦) હીરાભાઇ નારણભાઇ પરમાર ઉ.વ ૬૦ રહે મ.નં ૩૯૮ સમરથનગર ભીલવાસ પાસે સરદારનગર અમદાવાદ (૧૧) ચોઇથરામ ભુરામલ રોયડા (સિંધી) ઉ.વ ૬૦ રહે બ્લોક.નં ૪.૧૬૦ વાલ્મીકી આવાસ યોજના નોબલનગર સરદારનગર અમદાવાદ(૧૨) બલરાજભાઇ પીરુભાઇ સોલંકી ઉ.વ ૬૮ રહે મ.નં ૭૭૮ ભીલવાસ બાપા સીતારામ ના મંદીર પાસે સરદારનગર અમદાવાદ(૧૩) દિનેશ ઓમપ્રકાશ જસરાણી (સિંધી) ઉ.વ.૪૮ રહે. ૬૧૭/૪ જવાહર કોલોની સરદારનગર અમદાવાદ

વોન્ટેડ:

(૧) મનીષ ઉર્ફે ડી.જે જગદીશભાઇ જેસરાની રહે આંબાવાડી સરદારનગર અમદાવાદ (૨) રવી ઉર્ફે બતક સ.ઓફ રાજેશભાઇ સિંધી રહે આંબાવાડી સરદારનગર અમદાવાદ (૩) પંકજ ઉર્ફે પંકુ સ.ઓ.અરજણદાસ સિંધી રહે સરદારનગર અમદાવાદ

ગુનાની જગ્યા :

સરદારનગર આંબાવાડી સર્કલ નજીક શ્રી કનૈયાલાલ ગુર્જર ઉધ્યાનની સામે રામાપીર મંદિરની બાજુમા એક દુકાનના ઓટલા ઉપર જાહેરમા

પકડાયેલ મુદામાલ :

(૧) રોકડા નાણા રુ.૧૫,૯૩૦/ (૨) મોબાઇલ ફોન નંગ ૦૮ કિ.રુ.૩૧૦૦૦/ (૩) સટ્ટા બુક નંગ ૨ (૪) સટ્ટા સ્લીપો નંગ નંગ ૧૧ (૫) બોલપેન નંગ ૦૨ મળી કુલ્લે રુપિયા ૪૬,૯૩૦/ નો મુદામાલ

નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ- **સમાચાર યાદી નં.૪૪૫/૨૦૨૧**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૨૭ કેસ કરી, ૨૭ વ્યક્તિઓને ઝડપી, ૧૮૧ લીટર દેશી દારૂ, ૨૩૪ બોટલ ઇંગ્લીશ દારૂ, ૧૨ બિયર ટીન, ૨ સ્કુટર અને ૧ રિક્ષા કબજે કરી હતી. તેમજ જુગારધારા હેઠળ ૯ કેસ કરી, ૩૪ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૧,૧૬,૫૦૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- **સમાચાર યાદી નં.૪૪૬/૨૦૨૧**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૧૦૪ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી.૯૩ મુજબ ૧ વ્યક્તિની અને પાસા હેઠળ ૧ વ્યક્તિની અટકાયત કરી હતી.

વિશ્વાસઘાત અને છેતરપીંડી :- **સમાચાર યાદી નં.૪૪૭/૨૦૨૧**

શહેરકોટડાઃ મોહંમદમકસુદ નજીરમોહંમદ શેખ (રહે. બાઇ જીબીની ચાલી વોરાના રોજા પાસે સરસપુર) એ તા.૦૯/૦૩/૨૦૨૧ ના રોજ શહેરકોટડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૦૩/૧૦/૨૦૨૦ થી આજદિન સુધીના સમયગાળા દરમ્યાન આરોપી (૧) અરવિંદભાઇ ઉર્ફે ભુરીયો ગણપતભાઇ પટણી (રહે. ગુજરાત બોમ્બે હાઉસિંગ સીટી ગોલ્ડ સિનેમા પાસે સરસપુર) (૨) લલીલકુમાર ચંપાલા નહાર (૩) વિનોદ ઉર્ફે બબલુ ચંપાલાલ નહાર (બન્ને રહે- કોઠારી માર્કેટ દીવાન બલ્લુભાઇ રોડ કાંકરીયા) તથા (રહે.શ્યામ હરી ફ્લેટ સરદાર પટેલ સ્કુલ રોડ ભૈરવનાથ રોડ મણીનગર) (૪) બજરંગસિંહ સુગનસિંહ રાજપુરોહીત (રહે. અંજની રેસીડેંસી આદીનાથ પાર્ક સોસાયટી જાંબુવા વડોદરા) એ ભેગા મળી મોહંમદમકસુદ નજીરમોહંમદ શેખ નાઓની બોલેરો ગાડી નંબર જીજે ૦૧ એફટી ૨૭૮૦ વેચાણ કિમત રૂપિયા ૬,૫૦,૦૦૦/- નક્કી કરી વેચાણ કરાર કરી તે પેટે રૂપિયા ૨,૦૦,૦૦૦/- આપી ગાડી લઈ જઈ બાકીના રૂપિયા ૪,૫૦,૦૦૦/- નહી ચુકવી વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ મ.સ.ઇ.શ્રી પ્રકાશભાઇ કિરણચન્દ્ર ચલાવે છે.

ઘરફોડ :- **સમાચાર યાદી નં.૪૪૮/૨૦૨૧**

વસ્ત્રાપુરઃ ધીરેનભાઈ અશ્વિનભાઈ કુબાવત (રહે. કોણાર્ક ટાવર નાલંદા કોમ્પ્લેક્ષ પાછળ માનસી ચાર રસ્તા વસ્ત્રાપુર) એ વસ્ત્રાપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૦૮/૦૩/૨૦૨૧ રાતના ૯/૦૦ થી તા.૦૯/૦૩/૨૦૨૧ કલાક ૧૦/૦૦ વાગ્યા દરમ્યાન માનસી સર્કલ ગોયલ પ્લાઝા પહેલા માળે આવેલ “હોમીયોકેર એંડ હોમીયોપેથિક” ક્લીનીકનુ શટર ઉંચુ કરી અજાણી વ્યક્તિ ક્લીનીકમા પ્રવેશ કરી સોની કંપનીનો કેમેરો કિમત રૂપિયા ૨૦,૦૦૦/- અને રોકડ રૂપિયા ૧૫૦૦/- તેમજ બાજુના અક્ષરધામ કોમ્પ્લેક્ષમાં પ્રથમ માળે એફએફ-૨૪ મા આવેલ “સ્વસ્તીક હોમીયોપેથીક” ક્લીનીકના ડ્રોઅરમાંથી રોકડ રૂપિયા ૪૦૦૦/- તથા લેપટોપ કિમત રૂપિયા ૧૦,૦૦૦/- મળી કુલ રૂપિયા ૩૫,૫૦૦/- મતાની ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એમ.એચ.રાવલ ચલાવે છે.

સેટેલાઈટઃ વંદનાબહેન ડો/ઓ પ્રહલાદભાઈ પ્રજાપતી (રહે. ખોડીયાર રેસીડન્સી ગોપાલ ચોક નીકોલ) એ સેટેલાઈટ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૦૮/૦૩/૨૦૨૧ રાતના ૮/૦૦ થી તા.૦૯/૦૩/૨૦૨૧ સવારના ૭/૦૦ વાગ્યા દરમ્યાન સેટેલાઈટ રાજીવનગર પાસે યમુના એપાર્ટમેન્ટ સામે આવેલ એલીસબ્રિજ શાળા નં.૨૯ ઓફીસ નંબર-૧ તથા ઓફીસ નંબર-૨ માં અજાણી વ્યક્તિ પ્રવેશ કરી ફીલીપ્સ કંપનીના ટી.વી.નંગ-૨, બ્રધર કંપનીનુ પ્રિન્ટર નંગ-૧, એસ્સાર કંપનીનુ લેપટોપ નંગ-૧, ઈંટેક્ષ કંપનીના સ્પીકર નંગ-૪ અને રોકડ રૂપિયા ૮૦૦/-મળી કુલ રૂપિયા ૧,૦૮,૮૦૦/- મતાની ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ મ.સ.ઇ.શ્રી અમિતભાઈ નરસિંહભાઈ ચલાવે છે.

સોનાનો દોરો ઝુટવી લઈ ગયાઃ- **સમાચાર યાદી નં.૪૪૯/૨૦૨૧**

ઓઢવઃ નટવરભાઈ દેવજીભાઈ પટેલ (ઉ.વ.૬૦) (રહે. સુર્યમ એલીગન્સ શ્રીધર હેવનની બાજુમાં રોયલ હોટલ પાછળ ઓઢવ) એ ઓઢવ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૦૯/૦૩/૨૦૨૧ કલાક ૧૦/૪૫ વાગ્યાના સુમારે રહેણાંક નજીક રિક્ષામાં આવેલ બે પુરૂષ સરનામુ પુછવાના બહાને નજીક આવી નટવરભાઈના ગળામાંથી સોનાનો દોરો કિમત રૂપિયા ૪૭,૦૦૦/- ઝુટવી લઈ નાસી ગયા હતા. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી વી.બી.ચૌહાણ ચલાવે છે.

અગિયારમાં માળેથી પડી જતા મૃત્યુ :- **સમાચાર યાદી નં.૪૫૦/૨૦૨૧**

નવરંગપુરાઃ એલ.એંન્ડ.ટી કંપનીમાં કોન્ટ્રાક્ટ ઉપર કામ કરતા ઇશામુદીન નિશારભાઇ દીવાન (ઉ.વ.૨૬) (રહે.એહમદી સોસાયટી પાનસર ચોકડી કલોલ તા-કલોલ જી-ગાધીનગર) તા.૦૯/૦૩/૨૦૨૧ સાજના ૬/૦૦ વાગ્યાના સુમારે નવરંગપુરા નહેરૂબ્રીજ આશ્રમ રોડ સાકાર-૧ ખાતે બિલ્ડીંગના અગિયારમાં માળ ઉપર કામ કરતા હતા ત્યારે અગિયારમાં માળેથી બિલ્ડીંગના ડક ભાગમાં પડી જતા ગંભીર ઈજાઓ થતા તેમનું મૃત્યુ નિપજયું હતુ. આ અંગે નવરંગપુરા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી વેચાતભાઈ કાળુભાઈ ચલાવે છે.

આત્મહત્યાઃ- **સમાચાર યાદી નં.૪૫૧/૨૦૨૧**

નારોલઃ રંભાબહેન વા/ઓ સુરેશભાઈ વાઘેલા (ઉ.વ.૪૦) (રહે. પ્રથમ રેસીડેન્સી ડિવાઈન સ્કુલ સામે નારોલ) એ અગમ્ય કારણસર તા.૦૮/૦૩/૨૦૨૧ રાતના ૧૦/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે પંખાના હુકમાં દુપટ્ટો બાંધી ગળેફાસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે નારોલ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી આર.આર.અમલીયાર ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી